# રાજકારણ અને ઘમંડ

**અરૂણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )**

લોકશાહી અત્યંત મહત્વની વ્યવસ્થા છે . તે મતોની શક્તિથી રાજકારણીઓને સત્તા પર પહોંચાડે છે, તો ક્યારેક તેઓને સત્તા પરથી ફેંકી પણ દે છે. ઈતિહાસ એ બાબતનો સાક્ષી છે કે જ્યારે નેતા સત્તા પરથી ફેંકાઈ જાય ત્યારે ટેકેદારોની સંખ્યા તેમને છોડી જાય છે. કોંગ્રેસ પક્ષના ઉપપ્રમુખની એક પત્રકાર-પરિષદમાં અનેક પ્રધાનો અને અન્ય નેતા મોજુદ હતા. તે પત્રકાર-પરિષદમાં લોકપાલ ખરડો પસાર થતાં કેવા ફાયદા થશે તેની જાણકારી પ્રવર સમિતિના અહેવાલને ટાંકીને આપવામાં આવી હતી . તે પત્રકાર-પરિષદને સંબોધનાર ચાર સજ્જનોના હાવભાવ બદલાયેલા જણાતા હતા. છેલ્લા ત્રણ વર્ષમાં આ નેતાઓના વિવિધ પત્રકાર-પરિષદોમાં જોવા મળેલા હાવભાવ કરતાં આ પરિસ્થિતિ એકદમ વિપરીત હતી. અગાઉ તેઓ પણ લોકપાલ ખરડાને ટેકો આપવાની માગણી સંદર્ભે ઉપવાસ પર બેઠેલા શ્રી અણ્ણા હઝારે સાથેની વાટાઘાટોને રોકી હતી . તેઓએ તે વખતે શ્રી હજારેની તમામ દરખાસ્તોનો અસ્વીકાર કર્યો હતો. તેઓએ પછીથી પોતાનો ખેલ બદલ્યો અને લોકસભામાં એક અસ્વીકાર્ય ખરડો રજૂ કર્યો. તે એકપક્ષીય રીતે સંયુક્ત વિરોધ વચ્ચે લોકસભામાં પસાર થયો હતો. રાજ્યસભાએ તે ખરડામાં સુધારો કરવાની માંગ કરી હતી. તે વખતે મધરાતે ગૃહની બેઠક મુલતવી રહી હતી. પછીથી પ્રવર સમિતિએ પણ એવી જ ભલામણો કરી હતી. લગભગ એક વર્ષ પછી તે ખરડો ફરી સંસદ સમક્ષ મૂકવામાં આવ્યો. તેઓએ એવો આગ્રહ રાખ્યો હતો કે સીબીઆઇ લોકપાલ હેઠળ નહિ સરકાર હેઠળ રહેવા દેવું જોઈએ.

પરંતુ પત્રકાર-પરિષદમાં નેતાઓની ભાષા, અભિગમ અને હાવભાવ કંઈક અલગ જ હતા. તેઓ હવે એક સમાધાનકારી અભિગમ અપનાવતા જોવા મળ્યા હતા.

લોકશાહી કામગીરીમાં મૂળભૂત ફેરફાર એક સંસ્થાને હસ્તક લાંબા સમય સુધી રહેતા નથી. રાજકીય શક્તિનો ફેલાવો થતો રહે છે. સરકાર, વિરોધ પક્ષ, ન્યાયતંત્ર, મીડિયા, અમલદારશાહી, સમાજ, જાહેર અભિપ્રાય તે બધા સત્તાના પાત્રો છે. નેતાઓ પોતે સર્વસત્તાધીશ છે એમ ધારી રહ્યા છે. તેઓ કોઈપણ એક સંસ્થામાં બંધાયેલા છે. ઘમંડ ક્યારેય શક્તિ બનતી નથી. તેઓમાં વિશ્વાસનો અભાવ હોય છે . ઘમંડી લોકો શીખતા નથી. ઘમંડને કદી આત્મવિશ્વાસ તરીકે ગણવો ન જોઈએ. પત્રકાર-પરિષદમાં એવું જ જોવા મળ્યું.

નવા ઊભરતાં રાજકીય પક્ષ - આપ માટે આ એક બોધપાઠ છે. તે પક્ષે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં નોંધપાત્ર દેખાવ કર્યો છે . તેની ઉજવણીના મૂડમાં ઘમંડ જોવા મળ્યો. ભાજપને ત્રણ મતવિસ્તારોમાં સંપૂર્ણ બહુમતિ મળી છે. તેમાંથી બે પ્રચંડ બહુમતીથી જીતી છે. આ આનંદ અને ઉજવણીનો દિવસ હતો. વિજય બાદ પ્રતિષ્ઠા, ગરિમા અને વિનમ્રતા જાળવણી જરૂરી છે. ઘમંડ પતન પ્રથમ પગલું હોઈ શકે છે. રાજકારણમાં જેઓ ઉપર જાય છે તેઓ નીચે પણ આવે છે. તે રાજકારણમાં નમ્રતા જરૂરી છે. આપ પક્ષે એમાંથી બોધપાઠ લેવો જોઈએ. આજે તેઓ રાજકીય વિરોધીઓને પડકાર ફેંકી રહ્યા છે. તેઓ અન્ય પક્ષોના નેતાઓ માટે અવિનયી છે. શ્રીમતી સોનિયા ગાંધી અને શ્રી રાજનાથ સિંઘ માટે તેમના શબ્દોમાં ઉદ્ધતાઈ જણાય છે. તેઓએ પોતાના માર્ગદર્શક અણ્ણા હજારેને પણ છોડ્યા નથી.

રાજકીય વર્ગ માટે તે એક બોધપાઠરૂપ અનુભવ છે. લોકપાલ પ્રત્યે ઘમંડી વલણ રાખનાર કોંગ્રેસે ત્રણ વર્ષ પછી સમાધાનકારી નિર્ણય લીધો છે . હવે આપ પક્ષ એમાંથી શીખે એવી આશા છે.